# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૧/૨૧-૨૨/૩૯૦૭-૩ તા.૨૫-૦૬-૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૨/ક્વા-૧/૨૧-૨૨

અરજદાર: મંજુલાબેન નીતિનભાઈ રામાણી ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : કાલાવડ રોડ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૬-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં સદર કેઈસની સમીક્ષા ફોરમ કમિટી દ્વારા કરવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓના ગ્રા.નં. ૩૯૯૯૫/૦૦૦૪૬/૬ માં માહે માર્ચ-એપ્રિલ-૨૦૨૧ ના બિલીંગ દરમિયાન સરેરાશ વપરાશ મુજબ ૧૯૮૨૦ યુનિટનું રૂ.૧૫૮૯૦૯.૩૩ નું વીજબીલ અપાયેલ છે. અરજદાર જણાવે છે કે તેઓને સામાન્ય રીતે રૂ.૩૦૦૦/- થી રૂ.૪૦૦૦/- આસપાસ વીજબીલ આવે છે એટલે કે ૫૦૦ યુનિટ આસપાસ તેઓ વપરાશ ધરાવે છે. તેમજ માહે નવે.-ડીસે-૨૦૨૦ માં તેઓની સરેરાશ વીજવપરાશ ૪૧૦ યુનિટ દર્શાવે છે. અરજદાર જણાવે છે કે સદર બીલ કોઈ ટેકનીકલ ખામી કે ભૂલના પરિણામે માહે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૧ થી સરેરાશ વપરાશ ૧૯૮૨૦ યુનિટ દર્શાવે છે. સદર જગ્યા પર અરજદારનું રેસ્ટોરન્ટ ચાલે છે જેના માટે અરજી કરવાની

હોય પરંતુ કોરના કાળના લીધે મોડું થયેલ છે અને ૦૨ વર્ષથી ધંધા પણ બંધ પડેલ છે. જેથી તેઓની આર્થીક સ્થિતિ પણ ખરાબ હોય સદર બીલ ભરપાઈ કરી શકે તેમ નથી. વધુમાં તેઓ દ્વારા વીજજોડાણ ન કાપવા માટે તેમજ સદર વીજજોડાણ રહેણાંક હેતુ માંથી વાણિજ્યિક હેતુમાં તબદીલ કરી આપવા માટે ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે કાલાવડ રોડ પેટાવિભાગીય હેઠળ ના ગ્રાહક શ્રી મંજુલાબેન નીતિનભાઈ રામાણી ગ્રા.નં. ૩૯૯૯૫/૦૦૦૪૬/૬ માં માહે માર્ચ-એપ્રિલ-૨૦૨૧ નું વીજબીલ રૂ.૧૫૮૯૦૯.૩૩ આવ્યાની ફરિયાદ બાબતે તા.૧૭-૦૬-૨૧ ના રોજ અરજદારશ્રીએ સબંધક પેટાવિભાગીય કચેરીનો સંપર્ક કરતા – અરજદારને વીજબીલ બાબતે વધુ વિગતવાર સમજણ આપતા – તેઓશ્રી વીજબીલ બાબતેની સાચી વિગતોથી માહિતગાર થયેલ છે અને તેઓશ્રી પણ કચેરીના હકારાત્મક અભિગમથી ખુબજ સંતોષ પામેલ છે આમ અરજદારશ્રી ના પ્રશ્નનું સુખદ સમાધાન થયેલ છે. જે અન્વયે અરજદારશ્રીએ તા.૧૭-૦૬-૨૧ થી લેખિત રજૂઆત નાયબ ઇજનેરશ્રી ને કરેલ છે. તે મુજબ તેઓની ફરિયાદનું સુખદ નિરાકરણ થયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં. ૨.૦ મુજબ ની અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૦ મુજબ અરજદારની ફરિયાદનું નિરાકરણ થતા અરજદારે લેખિત સંમતીપત્ર તા.૧૭-૦૬-૨૧ માં સહી કરી આપેલ છે.

૪.૨ આમ ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(એન.એચ.જોષી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**